# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 19-11-2024 Morning : 7.45 to 7.55
Day : Tuesday National News

આકાશવાણી સમાચાર **અનિલ પટેલ** વાંચે છે.

***************************************************

- જી-20 શિખર સંમેલનનાં ઘોષણાપત્રમાં સંવાદ અને રાજદ્વારી માધ્યમથી સમસ્યાઓનાં ઉકેલ પર ભાર મૂકાયો
- કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ આજે ગાંધીનગરમાં અખિલ ભારતીય પોલીસ વિજ્ઞાનનાં 50મા સત્રનું ઉદઘાટન કરશે
- આજે સવારે છ વાગે દિલ્હી-એનસીઆરનાં કેટલાંક સ્થળોએ હવા ગુણવત્તા સૂચકાંક 500 પાર પહોંચ્યો
- આ વર્ષે 48 લાખથી વધુ શ્રધ્ધાળુઓએ ઉત્તરાખંડનાં વિશ્વ પ્રસિદ્ધ ચાર ધામનાં દર્શન કર્યા
- આગામી 5 દિવસ સુધી ઉત્તર પશ્ચિમ ભારતના ભાગોમાં રાત્રિ અને સવારના સમયે ગાઢ ધુમ્મસની આગાહી
- અને મહિલા એશિયન ચેમ્પિયન્સ હોકી ટ્રોફીની સેમિફાઇનલમાં ભારત અને જાપાન વચ્ચે મુકાબલો

***************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PM– G 20, BILATERALS

બ્રાઝિલનાં રિયો ડી જાનેરોમાં યોજાયેલા જી-20 શિખર સંમેલનમાં જાહેર કરાયેલા ઘોષણાપત્રમાં સંવાદ અને રાજદ્વારી માધ્યમથી સમસ્યાઓનાં ઉકેલ પર ભાર મૂકવામાં આવ્યો છે. ઘોષણાપત્રમાં જણાવવામાં આવ્યું છે કે, શાંતિ દ્વારા જ સતત વિકાસ અને સમૃધ્ધિ હાંસલ થઈ શકે છે. જી -20 દેશોએ ઇઝરાયેલ-પેલેસ્ટાઇન સંઘર્ષનાં ઉકેલ માટે દ્વિ રાજ્યનું સમર્થન કર્યું છે અને માનવીય સહાયતાનાં પ્રયત્ન વધારવા પર ભાર મૂક્યો છે.

દરમિયાન, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ G20 સમિટથી અલગ બ્રિટન, ઇટલી, ફ્રાન્સ, નોર્વે, પોર્ટુગલ અને ઇન્ડોનેશિયા સહિતના અનેક દેશોના નેતાઓ સાથે મુલાકાત કરી હતી અને સંબંધોને સુધારવા અને મજબૂત કરવાના ઉપાયો પર ચર્ચા કરી હતી. શ્રી મોદીએ બ્રિટિશ પ્રધાનમંત્રી કિયર સ્ટાર્મેર સાથે ફળદાયી મંત્રણા કરી હતી. સોશિયલ મિડિયા પોસ્ટમાં શ્રી મોદીએ જણાવ્યું કે, બંને દેશો આગામી વર્ષોમાં હરિત ઉર્જા, નવીનીકરણ અને ટેકનોલોજી ક્ષેત્રોમાં કામ કરવા આતુર છે. પ્રધાનમંત્રીએ ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોંસાથે મુલાકાત કરી અને આ વર્ષની શરૂઆતમાં પેરિસ ઓલિમ્પિક્સ અને પેરાલિમ્પિક્સની સફળ યજમાની બદલ તેમની પ્રશંસા કરી. શ્રી મોદીએ કહ્યું, ભારત અનેફ્રાન્સ અવકાશ, ઉર્જા, AI અને આવા અન્ય ભવિષ્યના ક્ષેત્રો સહિતના ક્ષેત્રોમાં કેવી રીતે નજીકથી કામ કરી શકે તેનાં પર ચર્ચા કર હતી.

.......2......

શ્રી મોદી અને તેમના ઇટાલિયન સમકક્ષ જ્યોર્જિયા મેલોનીએ દ્વિપક્ષીય બેઠક યોજી હતી જેમાં બંને રાષ્ટ્રો વચ્ચે સંરક્ષણ, સુરક્ષા, વેપાર અને ટેક્નોલોજી ક્ષેત્રે ગાઢ સંબંધો પર ચર્ચા થઈ હતી. શ્રી મોદી તેમના નોર્વેના સમકક્ષ જોનાસ ગહર સ્ટોરને પણ મળ્યા હતા.

બંને નેતાઓએ ખાસ કરીને પુનઃપ્રાપ્ય ઉર્જા, ગ્રીન હાઇડ્રોજન અને બ્લુ ઇકોનોમિમાં રાષ્ટ્રો વચ્ચે રોકાણના જોડાણો કેવી રીતે સુધારી શકાય તેનાં વિશે વાત કરી. પ્રધાનમંત્રીએ ઇન્ડોનેશિયાના પ્રમુખ પ્રાબોવો સુબિયાન્ટો સાથેની બેઠકમાં વેપાર, સલામતી, આરોગ્ય સંભાળ, ફાર્માસ્યુટિકલ્સ જેવા ક્ષેત્રોમાં સહયોગ વધારવા પર ચર્ચા કરી હતી.

આ ઉપરાંત પ્રધાનમંત્રીએ પોર્ટુગલના પ્રધાનમંત્રી લુઇસ મોન્ટેનીગ્રો સાથે પણ બેઠક યોજી હતી. દરમિયાન, પ્રધાનમંત્રીએ જી 20માં ભૂખ અને ગરીબી વિરુધ્ધ વૈશ્વિક સંગઠન શરૂ કરવા બદલ બ્રાઝિલની પ્રશંસા કરી છે.

# AMIT SHAHGUJARAT DAY 2

કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહ ગુજરાતની મુલાકાતે છે. શ્રી શાહ આજે ગાંધીનગરમાં મહાત્મા મંદિર ખાતે ટપાલ ટિકિટના પ્રદર્શન ફિલાવિસ્ટા 2024નું ઉદઘાટન કરશે. ગાંધીનગર ટપાલ વિભાગ દ્વારા દાંડી કૂટિર ખાતે યોજાયેલા આ પ્રદર્શનનો ઉદ્દેશ ટપાલ ટિકિટો, ટપાલ ઇતિહાસ અને સંબંધિત વસ્તુઓના અભ્યાસ અને સંગ્રહને પ્રોત્સાહિત કરવાનો છે.

શ્રી શાહ ગાંધીનગરના લવાડ ખાતે રાષ્ટ્રીય રક્ષાશક્તિ યુનિવર્સિટીમાં 50માં અખિલ ભારતીય પોલીસ વિજ્ઞાન અધિવેશનનું ઉદઘાટન કરશે. બે દિવસની આ પરિષદમાં નવા ગુના કાયદાઓમાં ફોરેન્સિક્સ અને ટેકનોલોજીનો ઉપયોગ, ગુના ન્યાય પ્રક્રિયામાં એઆઇનાં ઉપયોગ, આપત્તિ જોખમ ઘટાડામાં પોલિસની ભૂમિકા અને પોલિસ તંત્રમાં બ્લોકચેઇન ટેકનોલોજીનાં ભાવિ પર ચર્ચા કરવામાં આવશે.

સંમેલનમાં કેન્દ્ર અને રાજ્યનાં પોલિસ દળો, ફોરેન્સિક નિષ્ણાતો અને શિક્ષણવિદો ભાગ લેશે. બપોરે શ્રી શાહ સાંબરકાંઠાના હિમ્મતનગરમાં સાબર ડેરીના 800 મેટ્રીક ટનની ક્ષમતા ધરાવતા નવા અત્યાધુનિક પશુ આહાર એકમનું ઉદ્ઘાટન કરશે. તેમજ સાંજે તેઓ અમદાવાદના શેલા વિસ્તારમાં નવીનીકરણ કરાયેલા શેલા ગામ તળાવનું લોકાર્પણ કરશે.

# ASSEMBLY ELECTION

મહારાષ્ટ્ર અને ઝારખંડ વિધાનસભાની આવતી કાલે યોજાનારી ચૂંટણી માટેની તમામ વ્યવસ્થાઓ પૂર્ણ થઈ ગઈ છે. મહારાષ્ટ્રમાં એક જ તબક્કામાં તમામ 288 બેઠકો માટે મતદાન થશે. સત્તારૂઢ ભાજપની આગેવાની હેઠળનું મહાયુતિ ગઠબંધન રાજ્યમાં સત્તા જાળવી રાખવા માંગે છે, જ્યારે મહા વિકાસ અઘાડી (MVA) પુનરાગમન કરવાનાં પ્રયત્ન કરે છે. ચૂંટણીમાં કુલ 4,136 ઉમેદવારો મેદાનમાં છે જેમાં 2,086 અપક્ષ દાવેદારોનો સમાવેશ થાય છે. ભાજપે 149, શિવસેનાએ 81 અને અજિત પવારની આગેવાની હેઠળની NCPએ 59 બેઠકો પર ઉમેદવારો ઉભા રાખ્યા છે. કોંગ્રેસે 101, શિવસેના-UBTએ 95 અને NCP-SPએ 86 ઉમેદવારો ઉભા રાખ્યા છે. બહુજન સમાજ પાર્ટી અને AIMIM સહિતના નાના પક્ષો પણ ચૂંટણી લડી રહ્યા છે.

દરમિયાન, આવતી કાલે ઝારખંડમાં બીજા અને અંતિમ તબક્કામાં 38 બેઠકો માટે મતદાન થશે. આ તબક્કામાં બારહેટ બેઠક પર મુખ્યમંત્રી હેમંત સોરેન, જ્યારે ઝારખંડ ભાજપના વડા બાબુલાલ મરાન્ડી ધનવડ બેઠક અને AJSU ના વડા સુદેશ મહાતો સિલી બેઠક પરથી લડી રહ્યા છે. મુખ્યમંત્રી હેમંત સોરેનનાં પત્ની કલ્પના સોરેન ગાંડેય બેઠક અને ભાઇ બસંત સોરેન પરિવારની પરંપરાગત બેઠક દુમકા પરથી લડી રહ્યા છે. આ તબક્કામાં 528 ઉમેદવારો મેદાનમાં છે. બંને રાજ્યોમાં 23મી નવેમ્બરે મતગણતરી હાથ ધરાશે.

# DELHI- POLLUTION

દિલ્હી-એનસીઆર પ્રદેશમાં હવાની ગુણવત્તા વધુ બગડી છે, ગઈ કાલે રાત્રે 10 વાગે સરેરાશ હવા ગુણવત્તા સૂચકાંક 500 સાથે 'સિવિયર પ્લસ' લેવલથી વધી ગયો હતો. કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડનાં જણાવ્યા અનુસાર, શહેરનાં કેટલાંક ભાગોમાં 500 AQI સ્તર નોંધાયું છે. આજે સવારે છ વાગે દિલ્હીનાં IGI વિમાન મથક, બવાના, આનંદ વિહાર, JLN સ્ટેડિયમ, ઓખલા ફેઝ-ટુ જેવા વિસ્તારોમાં 500 AQI નોંધાયો છે.

રાજધાનીમાં પ્રદૂષણનાં વધતાં જતા સ્તરને ધ્યાનમાં રાખતા દિલ્હીના ઉપ રાજ્યપાલ વિનયકુમાર સક્સેનાએ દિલ્હી સરકારને તમામ સરકારી કચેરીઓમાં તબક્કાવાર સમય રાખવા નિર્દેશ આપ્યો છે. આ આદેશ દિલ્હી સરકાર અને મ્યુનિસિપલ કોર્પોરેશનની તમામ કચેરીઓને લાગુ પડશે. નવો સમય ફેબ્રુઆરી 2025 સુધી અમલી રહેશે. દરમિયાન, દિલ્હીના મુખ્યમંત્રી આતિશીએ દિલ્હીની શાળાઓમાં આજથી ધોરણ 10 અને 12 સહિત તમામ વર્ગો ફક્ત ઓનલાઈન લેવાની જાહેરાત કરી છે. દિલ્હી યુનિવર્સિટી શનિવાર સુધી ઓનલાઈન વર્ગો ચલાવશે..

દરમિયાન ગઈકાલે સર્વોચ્ચ અદાલતે દિલ્હી-એનસીઆર રાજ્યોને તાત્કાલિક ધોરણે ગ્રેપ-4 એટલે કે, ગ્રેડેડ રિસ્પોન્સ એક્શન પ્લાનના પ્રતિબંધને લાગુ કરવા માટે તાત્કાલિક ટુકડી બનાવવા આદેશ આપ્યો છે.

........2.....

સર્વોચ્ચ અદાલતે જણાવ્યું કે, જો હવા ગુણવત્તા સૂચકાંક- એક્યૂઆઈ 450ની નીચે જશે તો પણ આ પ્રતિબંધ યથાવત્ રહેશે.

સર્વોચ્ચ અદાલતે ફટાકડા પરના પ્રતિબંધનો અમલ ન કરવા બદલ પણ દિલ્હી સરકારની ઝાટકણી કાઢી હતી. તેમજ દિલ્હી સરકાર અને પોલીસ કમિશનર પાસેથી આ પ્રતિબંધને લાગુ કરવા લેવાયેલા પગલાની વિગત આપતું સોગંદનામું મગાવ્યું હતું.

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ રાષ્ટ્રીય સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો.

# -CHAR DHAM DARSHAN

આ વર્ષે 48 લાખથી વધુ શ્રધ્ધાળુઓએ ઉત્તરાખંડનાં વિશ્વ પ્રસિદ્ધ ચાર ધામનાં દર્શન કર્યા હતા. દિવાળી બાદ કેદારનાથ, બદ્રીનાથ, યમુનોત્રી અને ગંગોત્રી એમ ચારધામના કપાટ બંધ કરી દેવામાં આવ્યા છે. હવે ભાવિકોએ ચારધામનાં દર્શન માટે  છ મહિના રાહ જોવી પડશે.

10 મેથી 17 નવેમ્બર દરમિયાન કુલ 48 લાખ 11 હજાર 279 યાત્રિકોએ ચાર ધામની મુલાકાત લીધી હતી. સૌથી વધુ 16 લાખ 52 હજાર  શ્રદ્ધાળુઓ કેદારનાથ ધામ આવ્યા હતા, જ્યારે 14 લાખથી વધુ ભાવિકો બદ્રીનાથ ધામ, 7 લાખ 14 હજાર યાત્રાળુઓ યમુનોત્રી ધામમ અને  8 લાખ 15 હજાર યાત્રાળુઓ ગંગોત્રી ધામ આવ્યા હતા.

એક લાખ 26 હજાર શ્રદ્ધાળુઓએ હેલિકોપ્ટર દ્વારા કેદારનાથ આવ્યા હતા. આ વર્ષે 261 તીર્થયાત્રીઓના મોત થયા છે અને 20 તીર્થયાત્રીઓ ગુમ છે.

# IMD-WEATHER

ભારતીય હવામાન વિભાગે આગામી 5 દિવસ દરમિયાન ઉત્તર પશ્ચિમ ભારતના ભાગોમાં રાત્રિ અને સવારના સમયે ગાઢ ધુમ્મસની આગાહી કરી છે. ઉત્તર પ્રદેશ, રાજસ્થાન અને મધ્ય પ્રદેશના ભાગોમાં આવતીકાલ સુધી, પંજાબ - હરિયાણા અને ચંદીગઢમાં શનિવાર સુધી ગાઢ ધુમ્મસ છવાયેલું રહેશે.

હવામાન વિભાગે  આજે તામિલનાડુ, પુડુચેરી અને કરાઈકલમાં ભારે વરસાદની આગાહી કરી છે. આ દરમિયાન આજે કેરળ, માહે, આંદામાન અને નિકોબાર ટાપુઓમાં હળવાથી મધ્યમ વરસાદની સંભાવના છે. આ સાથે આગામી 4 થી 5 દિવસ દરમિયાન મહારાષ્ટ્ર, ગુજરાત અને મધ્ય ભારતના લઘુત્તમ તાપમાનમાં ધીમે ધીમે 2 થી 3 ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો થશે.

# BIHAR HOCKEY

મહિલા એશિયન ચેમ્પિયન્સ હોકી ટ્રોફી 2024ની સેમિફાઇનલ આજે બિહારના રાજગીર આંતરરાષ્ટ્રીય સ્ટેડિયમ ખાતે રમાશે. સેમિફાઇનલની પ્રથમ મેચમાં ચીન અને મલેશિયાની ટીમ વચ્ચે આજે બપોરે મુકાબલો થશે.

બીજી સેમિફાઇનલમાં ભારતીય ટીમ જાપાન સામે મેદાનમાં ઉતરશે. આ મેચ 4 વાગીને 45 મિનિટે શરૂ થશે. સ્કીપર સલિમાના નેતૃત્વમાં ભારતીય ટીમ પોઇન્ટ ટેબલ પર 15 પોઇન્ટ સાથે આગળ ચાલી રહી છે. રાઉન્ડ રોબિન લીગ મેચોમાં યજમાન ભારતે વર્ચસ્વ જાળવી રાખતા તમામ પાંચ મેચ જીતી લીધી હતી. આવતીકાલે સાંજે 4 વાગીને 45 મિનિટે ફાઇનલ મેચ રમાશે.

# FIFA FRIENDLY MATCH

હૈદરાબાદના ગાચીબોવલી સ્ટેડિયમ ખાતે ગઈ કાલે ભારત અને મલેશિયા વચ્ચેની FIFA આંતરરાષ્ટ્રીય મૈત્રીપૂર્ણ ફૂટબોલ મેચ 1-1થી ડ્રોમાં પરિણમી હતી. મલેશિયાએ શરૂઆતમાં મેચની 19મી મિનિટે પાઉલો જોસ્યુના પ્રારંભિક ગોલથી મેચમાં સરસાઈ મેળવી હતી. જો કે 39મી મિનિટે રાહુલ ભેકેના હેડરથી યજમાન ભારતે મેચને બરાબરી કરી હતી. ભારતના બ્રેન્ડન ફર્નાન્ડિસને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યા હતા.

## અને હવે આજના અખબારોના મુખ્ય સમાચાર  રજૂ કરે છે સુનિતા ચૌહાણ

- મણિપુરમાં હિંસા અને દિલ્હીમાં હવા પ્રદૂષણના સમાચારોને મોટાભાગના અખબારોમાં મુખ્ય મથાળા તરીકે સ્થાન મળ્યું છે.
- ગુજરાત સમાચાર લખે છે કે  - મણિપુરમાં 16 મહિનાથી હિંસા ડામવામાં કેન્દ્ર સરકાર સંદતર નિષ્ફળ
- નવગુજરાત સમય લખે છે – મણિપુરમાં હિંસક વરોધ, અથડામણ આગચંપી, એક પ્રદર્શકારીનું મોત
- સંદેશ લખે છે – દિલ્હીમાં પ્રદૂષણ ખતરનાક સ્તરે, સુપ્રીમ કોર્ટ ખફા
- મહારાષ્ટ્ર – ઝારખંડમા વિધાનસભા ચૂંટણી માટે પ્રચાર પડઘમ શાંત –સમાચાર પ્રથમ પાને જોઈ શકાય છે.
- સપ્ટેમ્બર ત્રિમાસિકમાં બેરોજગારીનો દર ઘટીને 6.4 ટકા થયો હોવાના સમાચારોને દિવ્ય ભાસ્કરે પ્રથમ પાને સ્થાન આપ્યું છે.
- આ ઉપરાંત દેશમાં 1 દિવસમાં 5 લાખથી વધુ મુસાફરોએ હવાઈ યાત્રા કર્યાનો રેકોર્ડ – ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈનો ભાઈ અનમોલ અમેરિકામાં ઝડપાયો – આ સમાચારોને વિવિધ અખબારોએ પ્રથમ પાને સ્થાન આપ્યું છે.
- તો વડોદરામાં ભાજપના પૂર્વ કોર્પોરેટરના પુત્રની છરીના ઘા મારીને હત્યા અને પાટણની ખાનગી કૉલેજમાં વિદ્યાર્થીના રેંગિંગ મામલે 15 સિનિયર વિદ્યાર્થીઓ સસ્પેન્ડ – આ સમાચારોને પ્રાદેશિક પાના પર સ્થાન મળ્યું છે.
- યુક્રેનને રશિયા વિરૂધ્ધ લાંબા અંતરની મિસાઇલોનો ઉપયોગ કરવા બાઇડેનની છૂટ – સમાચારોને આંતરરાષ્ટ્રીય પાના પર સામેલ કરાયા છે.

- સુનિતા ચૌહાણ